# આવતા અઠવાડિયે બ્રેમ્પટન ગેટવે ટર્મિનલ હંગામી ધોરણે બંધ રહેશે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ઓક્ટોબર 17, 2019) - બ્રેમ્પટન ગેટવે ટર્મિનલમાં રીજીયન ઓફ પીલનો પાણીની મુખ્ય લાઈન તબદીલ કરવાનો પ્રોજેક્ટ પૂરો કરવા ટર્મિનલ આગામી અઠવાડિયે સોમવાર, ઓક્ટોબર 21 થી શુક્રવાર ઓક્ટોબર 25 નાં રોજ સાંજે 6 વાગ્યા સુધી બંધ રહેશે.

પ્રવાસીઓએ નોંધવું જોઈએ કે ટર્મિનલમાં સ્થિત અને સ્ટીલ્સ એવન્યુ પર બસ લૅ-બાય લૅનની સાથે સાથે સ્થિત તમામ બસ સ્ટોપ્સ બંધ રહેશે અને સ્ટ્રીટ પર સ્થળાંતરિત થશે. હ્યુરોન્ટેરિયો સ્ટ્રીટ પર બસ લૅ-બાય લૅનની સાથે સ્થિત તમામ બસ સ્ટોપ્સ ખુલ્લા રહેશે.

ટર્મિનલ બંધ થવાથી નીચેના રૂટ્સ પર અસર થશે:

11/11A Eastbound (ઈસ્ટ-બાઉન્ડ), 54, 199 અને 511/511A/511C Eastbound (પૂર્વ તરફ)

- હંગામી બસ સ્ટોપ Loblaws (લૉ-બ્લૉસ)ની બાજુમાં, સ્ટીલ્સ એવન્યુની દક્ષિણ બાજુએ સ્થિત થશે
- ઉતારુઓએ મેઈન સ્ટ્રીટ અને સ્ટીલ્સ એવન્યુ પર રસ્તો ઓળંગવો રહ્યો

2 Northbound (નોર્થ-બાઉન્ડ) અને 502 Northbound (ઉત્તર તરફ)

- હંગામી બસ સ્ટોપ બ્રેમ્પટન ગેટવે ટર્મિનલની બિલકુલ સામે, મેઈન સ્ટ્રીટની પૂર્વ બાજુએ સ્થિત થશે
- ઉતારુઓએ મેઈન સ્ટ્રીટ અને સ્ટીલ્સ એવન્યુ પર રસ્તો ઓળંગવો રહ્યો

8 અને 52

- હંગામી બસ સ્ટોપ મેઈન સ્ટ્રીટ પર બસ-ઓન્લી બૅ પર સ્થિત થશે

3/3A, 4/4A/104, 11/11D Westbound (વેસ્ટ-બાઉન્ડ), 53, 56, 57, અને 511/511C Westbound (પશ્ચિમ તરફ)

- હંગામી બસ સ્ટોપ સ્ટીલ્સ એવન્યુની ઉત્તર બાજુએ, બ્રેમ્પટન ગેટવે ટર્મિનલની પશ્ચિમે, ઑશન્સ ફ્રેશ ફૂડ માર્કેટ પાર્કિંગ લૉટની સામે સ્થિત થશે

ટર્મિનલની અંદર ગ્રાહક સેવા બાંધકામ દરમિયાન કાર્યરત રહેશે.

એક હરિયાળા શહેર (ગ્રીન સીટી) તરીકે, અમે રહેવાસીઓને શક્ય હોય ત્યારે બ્રેમ્પટન ટ્રાન્ઝિટથી પ્રવાસ કરવા પ્રોત્સાહિત કરીએ છીએ. બધી

ક્લોઝર (બંધ) અને ડીટુર (રાઉન્ડઅબાઉટ રોડ) વિગતો વેબસાઈટ www.bramptontransit.com પર ઉપલબ્ધ છે. અદ્યતન માહિતી મેળવવા બ્રેમ્પટન ટ્રાન્ઝિટને Twitter, Facebook, અને Instagram @bramptontransit પર અનુસરો.

-30-

**મિડિયા સંપર્ક:**
મોનિકા દુગ્ગલ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca